# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં.૬૬ (કોસાડ-વરીયાવ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

### અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : મોજે: કોસાડનો બાકી રહેલ ભાગ (એગ્રીકલ્ચર)
દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૨૩ (કોસાડ)તથા
ગુજરાત હાઉસીંગ બોર્ડની સુરત મહાનગરપાલિકાને મળેલ જગ્યા
પૂર્વે : રેલવેની હદ
પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૩૬ (વરીયાવ)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતનાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત.
તા.૧૭-૦૬-૨૦૦૮

કમિશ્નર
સુરત મહાનગરપાલિક

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ૧૬-૦૬-૨૦૦૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૦૭-૦૬-૦૮ના પત્ર નં.સી.મી.સ/૮/૫ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૬ (કોસાડ-વરીયાવ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨ (૧) મુજબ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાનું, દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૨૮/૨૦૦૮ સર્વાનુમતે મંજુર

નં.પીઆરઓ/૧૩૧/૨૦૦૮-૦૯
તા.૧૮/૦૬/૨૦૦૮